| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટની નાયબ સેક્શન અધિકારી તરીકે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા | | |
| તા.૨૧/૧૦/૨૦૨૧ | પ્રશ્નપત્ર – ૪ | બેઠક નંબર:............. |
| સમય : ૧૫.૦૦ થી ૧૮.૦૦ | SET - A | કુલ ગુણ : - ૧૦૦ |

**1 રાજ્યપાલના અંગત મહેકમને લગતા કેસો કયા વિભાગ હસ્તક હોય છે ?**

**A** રાજયપાલએ કોઇને પૂછવાનું હોતું નથી | **B** કાયદા વિભાગ

**C** સામાન્ય વહીવટ વિભાગ | **D** નાણાં વિભાગ

**2 રાજ્ય માહિતી પંચને નીચેનામાંથી કઇ સત્તાઓ નથી?**

**A** દસ્તાવેજોને પ્રગટ કરવા હુકમ કરવાની | **B** ન્યાયલયના જાહેર રેકર્ડની માંગણી કરવાની

**C** સોગંધનામા પર પુરાવો મેળવવાની | **D** વ્યક્તિ હાજર ન રહે તો ધરપકડનું વોરંટ કાઢવાની

**3 આજે સરકારી કામ માટે વધુ એક કલાક રોકેલ સરકારી કર્મચારી......**

**A** આવતીકાલે એક કલાક મોડા આવી શકશે | **B** પછીના કોઈપણ દિવસે એક કલાક મોડા આવી શકશે.

**C** પછીના દિવસે એક કલાક વહેલા ઘેર જઈ શકશે | **D** પછીના દિવસે, કામના ભારણને ધ્યાને લઈ ઉપરી અધિકારી શક્ય એટલો સમય વહેલા જવા દઈ શકશે

**4 વિધાનસભાના પ્રશ્નને તમામ વિભાગના પ્રશ્ન તરીકે રદ કરાવવા માટે - ક્યારે વિધાનસભાને જાણ કરવાની રહેશે ?**

**A** પ્રશ્નોના અગ્રતાક્રમ નક્કી કરવાનું બેલેટ યોજવામાં આવે તેના ૨૪ કલાક અગાઉ | **B** પ્રશ્નોના અગ્રતાક્રમ નક્કી થયા બાદ, તુર્તજ

**C** વિધાનસભામાં પ્રશ્ન ચર્ચાવાની તારીખના ૪૮ કલાક અગાઉ | **D** જે તારીખે પ્રશ્ન ચર્ચાવાનો હોય તે દિવસે સવારમાં

**5 ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે - એ શબ્દોનો પ્રયોગ.................**

**A** સચિવાલયના વિભાગો અને ખાતાના વડા કરી શકે | **B** માત્ર સચિવાલયના વિભાગો કરી શકે

**C** માત્ર રાજ્યપાલશ્રીની કચેરી જ કરી શકે | **D** સામાન્ય વહીવટ વિભાગ જ કરી શકે

**6 રાજ્યના માહિતી કમિશ્નરના હોદ્દાની મુદ્દત, તેઓની નિયુક્તિ બાદ...............**

- **A** પાંચ વર્ષ સુધીની રહેશે.
- **B** તેઓ પોતે ૬૫ વર્ષના થાય ત્યાં સુધી રહેશે
- **C** પાંચ વર્ષ અથવા પોતે ૬૫ વર્ષની ઉંમર પુરી કરે ત્યાં સુધી
- **D** સરકાર ગમે તેટલી મુદ્દત રાખી શકે

**7 રાજ્ય સેવામાં કોઇપણ વ્યક્તિની નિમણૂંક...**

- **A** સીધી ભરતીથી થઇ શકે
- **B** સરકાર ઇચ્છા મુજબ કરી શકે
- **C** બદલી કરીને કરી શકે.
- **D** ઉપરોક્ત (અ) અને (ક) મુજબ

**8 માહિતી અધિકાર  અધિનિયમ હેઠળ અરજી ફી, નકલ ફી વગેરે નક્કી કરવા માટે રાજય સરકારને............**

- **A** પોતાને સત્તા છે.
- **B** કેંદ્ર સરકારની મંજૂરી લેવી પડે
- **C** માહિતી આયોગને સત્તા આપેલી છે.
- **D** સરકારના નાણામંત્રી નક્કી કરે છે.

**9 ઉતરતા દરજ્જાની સેવા એટલે....**

- **A** વર્ગ-૩ અને વર્ગ-૪ ની સેવાઓ
- **B** જેમની કામગીરી સફાઇ, ડ્રાઇવરની છે તેવી સેવાઓ
- **C** વર્ગ-૪ ની સેવાઓ
- **D** જેમનો દરજ્જો ઉતરતો છે તેવી સેવાઓ

**10 મંત્રીશ્રી પાસે ફાઈલ કેટલા દિવસ સુધી પડતર રહી શકે?**

- **A** ૧૫ દિવસ
- **B** ૨૦ દિવસ
- **C** ૭ દિવસ
- **D** ૩૦ દિવસ

**11 મુખ્યમંત્રી, મંત્રીઓને વિચારણા માટે રજુ કરવામાં આવતી બાબતો નીચેનામાંથી ઓછામાં ઓછી કઈ કક્ષાએથી રજુ કરવાની થશે?**

- **A** નાયબ સચિવ
- **B** સચિવ
- **C** અધિક મુખ્યસચિવ
- **D** ઉપસચિવ

**12 વિધાનસભામાં નીચેનામાંથી કયા પ્રકારની બાબતોની ચર્ચા થતી નથી ?**

- **A** તારાંકિત પ્રશ્નોની
- **B** ટૂંકી મુદતના પ્રશ્નોની
- **C** અતારાંકિત પ્રશ્નોની
- **D** જાહેર ધ્યાન ખેંચે તેવી બાબતની

**13 રાજ્ય માહિતી પંચ એ તેમનો અહેવાલ....**

- **A** દરવર્ષે તૈયાર કરી ભારત સરકારને મોકલવો જોઈએ.
- **B** દરવર્ષે તૈયાર કરી રાજ્ય સરકારને મોકલવો જોઈએ.
- **C** દરવર્ષે તૈયાર કરીને તુર્ત જ જાહેર સત્તાને ઉપલબ્ધ કરાવવો.
- **D** ઉપરોક્ત પૈકી એકપણ નહીં.

**14 ન્યાયાલયમાં વિચારાધીન બાબત માટે એક અરજદાર સરકારને રજુઆત કરે છે. આ કિસ્સામાં સરકાર અરજદારની રજૂઆત ...**

- **A** ન્યાયાલયને મોકલાવી આપશે
- **B** હાઈકોર્ટને મોકલાવી આપશે
- **C** ન્યાયાલયમાં કાયદા મુજબ કામ ચાલતુ હોઈ, અરજી દફતરે કરશે
- **D** ઉપર સમાંતર કાર્યવાહી ચાલુ રાખશે

**15 ફાઇલ ઉપર રાખવામાં આવેલ તમામ મુસદ્દા ઉપર...............**

- **A** માત્ર પાનાનંબર હોવો જોઇએ
- **B** માત્ર વિભાગનું નામ હોવું જોઇએ
- **C** વિભાગનું નામ કે પાનાનંબરની જરૂર નથી
- **D** ફાઇલ નંબર હોવો જોઇએ

**16 મુશ્કેલ અને જટિલ હોય એવા કેસ સેક્શન અધિકારીએ....**

- **A** હોંશિયાર નાયબ સેક્શન અધિકારીને સોંપવા
- **B** જાતે જ હાથ ધરવા
- **C** ઉપસચિવને પૂછીને કોઈ નાયબ સેક્શન અધિકારીને સોંપવા
- **D** સંબંધિત નાયબ સેક્શન અધિકારી દ્વારા જ રજૂ થાય એવો આગ્રહ  રાખવો

**17 રાજ્યની સેવાઓનું વર્ગીકરણ કયા વર્ગોમાં થયેલ છે?**

- **A** વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩
- **B** વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪
- **C** વર્ગ-૧ અને વર્ગ-૨
- **D** માત્ર વર્ગ-૧

**18 વિભાગની રોજીંદી સાફ સફાઈ વ્યવસ્થિત રીતે થાય તે જોવાની જવાબદારી કોની  છે?**

- **A** રોકડનો હવાલો ધરાવતા ઉપસચિવની
- **B** મહેકમનો હવાલો ધરાવતા ઉપસચિવની
- **C** પરચૂરણ બાબતોનો હવાલો ધરાવતા ઉપસચિવની
- **D** મહેકમનો હવાલો ધરાવતા નાયબ સચિવની

**19 ગુજરાત સરકારના કામકાજના નિયમો - ૧૯૯૦ ના અમલ, કાળજીપૂર્વક પાલન માટે કોણ જવાબદાર છે ?**

- **A** સંબંધિત વિભાગના મંત્રી
- **B** મુખ્ય સચિવ
- **C** સંબંધિત વિભાગના સચિવ
- **D** મુખ્ય મંત્રી

**20 એક શાખામાં મહત્વનો નીતિ વિષયક નિર્ણય માટે નોંધ રજૂ કરવાની હોય છે કઇ કક્ષાએથી નોંધ રજૂ કરવી જોઇએ ?**

A નાયબ સચિવ
B ઉપસચિવ
C સેક્શન અધિકારી
D નાયબ સેકશન અધિકારી

**21 કારકૂનની જગા માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત હાલમાં કઇ છે?**

A ધો-૧૨ પાસ
B અનુસ્નાતક ડીગ્રી
C સ્નાતક ડીગ્રી
D ધો-૧૦ પાસ

**22 નાયબ સેક્શન અધિકારીએ દરરોજના ઓછામાં ઓછા કેટલા કેસોનો નિકાલ કરવાનું ધોરણ છે?**

A ૧૫.૬ કેસો
B ૧૪ કેસો
C ૧૬ કેસો
D ૧૬.૫ કેસો

**23 સંસદ સભ્ય એટલે**

A લોકસભાના સભ્ય
B રાજયસભાના સભ્ય
C લોકસભા કે રાજયસભાના સભ્ય
D વિધાનસભાના સભ્ય

**24 એક નાયબ સેક્શન અધિકારીને, તેમના ઉપસચિવ દ્વારા કોઈ એક કામ કરવા મૌખિક સૂચના આપવામાં આવે છે. નાયબ સેક્શન અધિકારીએ......**

A મૌખિક સૂચનાનો અમલ કરવો જોઈએ નહી
B સૂચનાઓ અગાઉથી લેખિતમાં જ અપાવી જોઈએ
C મૌખિક સૂચનાનો અમલ કરીને પછીથી લેખિતમાં સમર્થમ મેળવવું જોઈએ
D નાયબ સચિવની મંજુરી બાદ મૌખિક સૂચનાનો અમલ કરવાનો રહે

**25 વર્ગ - ૧ ના અધિકારીની બદલી અને બઢતી માટેની બાબત કયા વિભાગને રજૂ કરવી ફરજિયાત છે ?**

A કાયદા વિભાગ
B વહીવટી સુધારણા પ્રભાગ
C મુખ્ય ચુંટણી કમિશ્નર
D સામાન્ય વહીવટ વિભાગ

**26 એક અરજદારે માંગેલ માહિતી આપવાથી દેશની સલામતીને પ્રતિકૂળ અસર થાય તેમ છે તો............**

A પણ આવી માહિતી આપવાની જ રહે
B અરજદાર ઉપર પોલિસ કેસ કરવાનો થાય
C આવી માહિતી આપવાની રહે નહીં.
D અરજદારને રૂબરૂ બોલાવીને માહિતી આપવી પડે.

**27 ઈગવર્નન્સનું ગુજરાત રાજ્યનું નેટવર્ક**

A સમગ્ર એશીયા ખંડમાં સહુથી મોટું છે
B સમગ્ર વિશ્વમાં સહુથી મોટું છે
C સમગ્ર ભારતમાં સહુથી મોટું છે
D કોઈ સાથે સરખાવી શકાય નહી

**28 સીધી ભરતીથી વર્ગ-૨ ની જગ્યા ઉપર નિમાયેલ અધિકારીના પ્રોબેશન સમયની મુદત કેટલી હોઇ શકે?**

A ૧ વર્ષ
B ૨ વર્ષ
C ૬ માસ
D ૩ વર્ષ

**29 નીચેનામાંથી કયા સંગઠનને માહિતીનો અધિકાર અધિનિયમ ૨૦૦૫ લાગુ પડે છે કે જેથી આ સંગઠનની માહિતી, આ અધિનિયમ હેઠળ આપવાની થાય?**

A સ્ટેટ ઇન્ટેલિજન્સ બ્યુરો
B સ્ટેટ રીઝર્વ પોલિસ
C લોકલ ક્રાઇમ બ્રાંચ
D ઉપરોક્ત તમામને લાગુ પડે નહીં.

**30 કેબિનેટના સચિવ તરીકે કોણ કામગીરી બજાવે છે ?**

A સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ
B મુખ્ય સચિવ
C કાયદા વિભાગના સચિવ
D રાજ્યપાલના સચિવ

**31 સંકલિત ઠરાવ એટલે..................**

A એકજ વિષયના અલગ ઠરાવોને એક સાથે ભેગા રાખીને ઠરાવ બહાર પાડવો
B એકજ વિષયના અલગ ઠરાવોનું હાર્દ જળવાય એમ નવો જ ઠરાવ બહાર પાડવો
C એક જ શાખાના બધા વિષયોનો એક ઠરાવ બહાર પાડવો
D એક જ વિભાગના બધા વિષયો આવરી લઇ, દળદાર ઠરાવ બહાર પાડવો

**32 ઉપસચિવ (રોકડ) નું નીચેનામાંથી કયું કાર્ય નથી ?**

A આકસ્મિક ખર્ચનો હિસાબ
B રજા મંજૂર કરવી
C ગ્રાન્ટો ઉપર નિયંત્રણ
D કાયમી પેશગીની ખરાઇ

**33 ઠરાવ બહાર પાડતી વખતે નીચેનામાંથી શાનો ઉલ્લેખ કરવાનો હોતો નથી ?**

A માન. મુખ્યમંત્રીશ્રીની મંજૂરી મળેલ છે, તેનો
B માન. મંત્રીશ્રીની મંજૂરી મળેલ છે, તેનો
C મુખ્ય સચિવશ્રીની મંજૂરી મળેલ છે તેનો
D ઉપરોકત એકેય નહી

**34 નીચેનામાંથી કયું કાર્ય નાણાં વિભાગનું નથી ?**

A સચિવાલયના વિભાગોને બેઠક વ્યવસ્થા માટે જગ્યા ફાળવવી
B સરકારને નાણાં કરજે લેવાની દરખાસ્ત
C નાણાંકીય નિયમો ઘડવા
D પૂરક અંદાજો બનાવવા

**35 વર્ગ-3ના એક કર્મચારી એકવર્ષના પ્રોબેશન ઉપર છે તેમના પ્રોબેશનનો સમય હજુ વધુમાં વધુ કેટલો સમય લંબાવી શકાય ?**

A ૬માસ
B એક વર્ષ
C બે વર્ષ
D ગમે તેટલી મુદત માટે

**36 જાહેર માહિતી અધિકારી એટલે...**

A જેમણે તમામ માહિતી જનતા સમક્ષ જાહેરમાં આપવની હોય
B માહિતી અધિકાર અધિનિયમ નીચે માહિતી માટે વિનંતી કરતી વ્યક્તિઓને માહિતી પુરી પાડવા માટેના નિયુક્ત અધિકારી
C કચેરીના વડા
D ગેઝેટેડ અધિકારી

**37 એક જ ખાતાના વડા, તેમની ફરજો વધુ સંતોષકારક બજાવી શકે તે જણાવતુ લખાણ, કેવા સ્વરૂપે હોવું જોઇએ ?**

A મુખ્ય સચિવની સહી વાળા યાદી પત્રથી
B સામાન્ય વહીવટ વિભાગની યાદીથી
C મુખ્ય મંત્રીની સહીવાળા ગુપ્ત પત્રથી
D જે તે સંબંધિત વિભાગના સચિવ દ્વારા મેમો આપીને

**38 વિભાગને લગતા કામકાજના નિકાલ માટે કોણ જવાબદાર ગણાશે ?**

A સંબંધિત વિભાગના સચિવ
B સંબંધિત વિભાગના ઇન્ચાર્જ મંત્રી
C મુખ્ય મંત્રી
D મુખ્ય સચિવ

**39 નોંધ લેખનમાં ઉપરી અધિકારી કોઇ પૃચ્છા કરે અને પુન : કંઇક લખવાનું થાય તો આ બાબતને આવેલા કાગળ તરીકે.............**

A ન ગણાય
B ગણાય
C આવું કશું હોતું નથી
D ઉપરોકત તમામ

**40 નીચેનામાંથી કઈ બાબતોનો સંસદસભ્યને જવાબ આપવાનું જરૂરી નથી ?**

A એક અધિકારીની બદલી કરવા બાબત.
B એક નાયબ કલેકટરને ઇજાફો મંજુર કરવાની બાબત.
C એક મામલતદારને બઢતી આપવા બાબત.
D ઉપરોકત તમામ

**41 એક સંસદસભ્યએ વિભાગના નાયબ સચિવને ઉદેશીને એક પત્ર લખેલ છે. આખરી જવાબ કોની સહિથી અપાશે ?**

A સચિવની
B ઇન્ચાર્જ મંત્રીની
C ઉપસચિવની
D નાયબ સચિવની

**42 એક જ સચિવને............**

A એકથી વધુ વિભાગો સોંપી શકાય

B એક જ વિભાગ સોંપી શકાય

C એક જ ચાર્જ સોંપી શકાય

D માત્ર એક જ વિષય સોંપી શકાય

**43 મંત્રીશ્રી સાથે અંગત પરિચયવાળા સરકારી કર્મચારીએ, તેમના વ્યક્તિગત સરકારી બાબતોના નિકાલ માટે માન.મંત્રીશ્રીને મળવું હોય તો ....**

A અગાઉથી માન.મંત્રીશ્રીની પ્રત્યક્ષ મુલાકાત માટે પરવાનગી માંગવી જોઈએ

B મંત્રીશ્રીનો અંગત પરિચય હોઈ આવી પરવાનગી જરૂરી નથી

C કોઈ પરવાનગી જરૂરી નથી

D મંત્રીશ્રી જોડે સંબંધ હોઈ ગમે ત્યારે મળી શકે

**44 રાજ્યના હિસાબોને લગતો ઓડિટ રીપોર્ટ નાણાં વિભાગ કોની સમક્ષ રજૂ કરશે ?**

A નાણાં મંત્રીશ્રી

B એકાઉટન્ટ જનરલ

C જાહેર સાહસોની સમિતિ

D જાહેર હિસાબ સમિતિ

**45 લખાણમાં નીચેનામાંથી કયા રંગની શાહીનો ઉપયોગ, અધિકારીઓ/ કર્મચારીઓ કરી શકે ?**

A ભૂરી, વાદળી, કાળી

B માત્ર વાદળી, કાળી

C ભૂરી, કાળી, વાદળી, લીલી

D માત્ર વાદળી, ભૂરી

**46 શાખાઓનું નિરાકરણ કરવાની જવાબદારી કોની છે?**

A સેક્શન અધિકારીની

B નાયબ સચિવની

C સંયુક્ત સચિવની

D ઉપસચિવની

**47 કેન્દ્ર સરકાર કે અન્ય કોઇ પણ  રાજય સરકાર હેઠળ નોકરી કરતા વ્યકિતને ગુજરાત સરકારની સેવા માટે પરીક્ષાના ઉમેદવાર તરીકે ત્યારે જ દાખલ કરી શકાય જયારે..........**

A તે નોકરી કરતો હોય તેમની પરવાનગી મળે

B તે નોકરી કરતો હોય ત્યાંની પછીથી પરવાનગી મેળવવાની તે ખાત્રી આપે

C આવી કોઇ પરવાનગીની જરૂર નથી.

D ગુજરાત સરકારની મનસુફી ઉપર છે કે કેન્દ્ર / જે તે રાજયની સરકારની પરવાનગી મળે.

**48 તાબાની સેવાઓ ઉપરની નિમણુંક નીચેનામાંથી કઇ રીતે થઇ શકશે ?**

A સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામથી

B સીધી પસંદગીથી

C બદલીથી

D ઉપરોકત તમામ રીતે

**49 કોઇપણ કેસ, નીચેનામાંથી કઇ - બે કક્ષાઓને રજૂ ન થવો જોઇએ ?**

A સેકશન અધિકારી અને નાયબ સચિવ

B ઉપસચિવ અને નાયબ / સંયુકત સચિવ

C ઉપસચિવ અને સચિવ

D સેક્શન અધિકારી અને ઉપસચિવ

**50 "ખ" વર્ગની ફાઇલોને કેટલા વર્ષ સાચવવાની હોય છે ?**

A અનિશ્ચિત મુદત

B ૧૫ વર્ષ

C ૫ વર્ષ

D ૩૦ વર્ષ

**51 સરકારી કર્મચારી તેમના સરકારી દરજ્જાને લગતી બાબત માટે મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરવાની થાય તો ....**

A આવી રજુઆત સીધી મુખ્યમંત્રીશ્રીને મોકલી શકે

B મુખ્યમંત્રીને કોઈ રજૂઆત કરી શકે જ નહી

C તેમના ખાતાના યોગ્ય અધિકારી મારફતે મોકલી શકે

D તેમની કચેરીના વડા મારફતે સીધી જ મુખ્યમંત્રીને મોકલી શકે

**52 આઈડબલ્યુડીએમએસ (IWDMS) એટલે...**

A ઈનીશીયલ વર્ક ઓફ ડોક્યુમેન્ટ એન્ડ મેનેજમેન્ટ સીસ્ટમ

B ઈન્ટીગ્રેટેડ વર્કીંગ ઓફ ડોક્યુમેન્ટ ઈન મેનેજમેન્ટ સીસ્ટમ

C ઈન્ટીગ્રેટેડ વર્ક એન્ડ ડોક્યુમેન્ટ સીસ્ટમ

D ઈન્ટીગ્રેટેડ વર્કફલો એન્ડ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ

**53 "મંત્રી" શબ્દમાં કોનો સમાવેશ થાય છે ?**

A રાજ્યકક્ષાના મંત્રી અને નાયબ મંત્રી

B માત્ર મંત્રીઓ

C મુખ્ય મંત્રી, મંત્રી, રાજ્યકક્ષાના મંત્રી

D નાયબ મુખ્યમંત્રી, મુખ્યમંત્રી, મંત્રી

**54 એક હિન્દુ સ્ત્રી કર્મચારીએ છૂટાછેડા લીધેલા છે. આ કર્મચારી અન્ય કેવા પુરૂષ સરકારી કર્મચારી જોડે લગ્ન કરી શકે ?**

A જેમની પત્નીને છૂટાછુડા આપેલા હોય

B જે પુરષના પત્ની સ્વર્ગસ્થ થઈ ગયા હોય

C જે પુરૂષ અપરણિત હોય

D ઉપરોકત તમામ માંથી કોઇ એક જોડે.

**55 સંસદસભ્યના પત્ર મળે, તેની પહોંચ કેટલા સમયમાં પાઠવવી જોઇશે ?**

A મળ્યા તારીખથી એક અઠવાડીયામાં

B મળ્યા તારીખના બીજા દિવસે

C મળ્યા તારીખના પંદર દિવસે

D પહોંચની જરૂર જ નથી હોતી

**56 નીચેનામાંથી કઇ કક્ષાના કેસો રાજ્યપાલને સાદર કરવાના હોય છે ?**

A મંત્રીમંડળના સભ્યોને નિવાસ સ્થાન ફાળવવા

B ગુજરાત જાહેર સેવા આયોગના સચિવની નિયુક્તિ

C કૃષિનીતિમાં સહાયનાં ધોરણે બદલવા

D ઉપરમાંથી એકપણ નહી

**57 આવશ્યક લાયકાત તરીકે સ્નાતકની પદવી કરતા ઓછી લાયકાતની જરૂરીયાત હોય, તો તેવી જગ્યા માટે ઉપલી વયમર્યાદા ?**

A ૨૮ વર્ષ

B ૩૦ વર્ષ

C ૩૨ વર્ષ

D ૨૬ વર્ષ

**58 એક ઇન્ચાર્જ મંત્રી તેમના વિભાગનું કામ તેમના હસ્તકના રાજ્યકક્ષાના મંત્રીને ફાળવવા માંગે છે. કોની સલાહ મેળવવી પડશે ?**

A મુખ્ય સચિવની

B મુખ્ય મંત્રીની

C કોઇની નહી

D રાજ્યપાલની

**59 એક અરજદારે માંગેલ માહિતીમાં એક કચેરીના તમામ દસ કર્મચારીઓએ એક સપ્તાહ સુધી તે કામ માટે વ્યસ્ત રહેવું પડે તેમ છે તો....**

A પણ માહિતી આપવી જ પડે.

B અરજદારને અરજી પરત કરવી.

C અરજદારને બે-ત્રણ મહિને પણ માહિતી આપવી જોઇએ.

D આવી માહિતી આપવાનો ઇન્કાર કરી શકાય.

**60 વિધાનસભાના સભ્યએ પૂછેલ પ્રશ્ન, અલગ અલગ મંત્રીઓને લાગુ પડતો હોય, તો તેનો જવાબ...................**

A તમામ મંત્રીઓએ આપવો જોઇએ

B મુખ્ય મંત્રીએ આપવો જોઇએ

C કોઇ એક મંત્રીએ જવાબ આપઓ જોઇએ

D વિધાનસભા સચિવે જે વિભાગને મોકલ્યા હોય તે વિભાગના ઇન્ચાર્જ મંત્રીએ જવાબ આપવો જોઇએ

**61 સેક્શન અધિકારીએ, નાયબ સેકશન અધિકારી પાસે કેટલાથી વધુ સમયના પડતર કેસો મંગાવી જાતે નિકાલ કરવાનો હોય છે ?**

A એક માસ

B ૧૫ દિવસ

C ૪૫ દિવસ

D બે માસ

**62 કેબિનેટની બેઠક યોજવાની તારીખની જાણ સંબંધિત તમામને ઓછામાં ઓછા કેટલા દિવસ અગાઉ થવી જોએ ?**

**A** ૧ દિવસ
**B** ૨ દિવસ
**C** ૩ દિવસ
**D** ૪ દિવસ

**63 કાયદા ઘડવા માટેની દરખાસ્તોમાં ઉદભાવક વિભાગ એટલે..................**

**A** કાયદા વિભાગ
**B** નાણાં વિભાગ
**C** જે વિભાગને સંબંધિત કાયદો હોય અને તે વિભાગે દરખાસ્ત શરૂઆત કરી હોય
**D** વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**64 રાજ્યપાલએ કોની સલાહથી સરકારી કામકાજની ફાળવણી, કોઇ મંત્રીને આપવા રાજ્ય કક્ષાના મંત્રીને એક કે વધુ વિભાગો વચ્ચે સોંપીને કરશે ?**

**A** મુખ્ય ન્યાયધીશની
**B** વડા પ્રધાનની
**C** કોઇની નહી
**D** મુખ્ય મંત્રીની

**65 સંસદસભ્ય /ધારાસભ્યના પત્રો અંગેના રજીસ્ટરની ચકાસણી દર સોમવારે, કઈ કક્ષાએ કરવાની રહે છે ?**

**A** સચિવ કક્ષાએ
**B** સંબંધિત નાયબ/સંયુકત સચિવ કક્ષાએ
**C** સંબંધિત ઉપસચિવ કક્ષાએ.
**D** સંબંધિત સેકશન અધિકારી કક્ષાએ

**66 મંત્રીમંડળ, વિધાનસભાને કઈ રીતે જવાબદાર હોય છે?**

**A** માત્ર મુખ્યમંત્રી જવાબદાર હોય છે
**B** સામૂહિક રીતે
**C** વ્યક્તિગત રીતે દરેક મંત્રી
**D** જવાબદાર હોતા નથી

**67 તબીબ તપાસની જરૂરીયાત નીચેનામાંથી કઇ બાબતોમાં જરૂરી છે?**

**A** બદલીથી થનાર નિમણૂંકમાં
**B** ૬૦ દિવસની તબીબી રજા બાદ હાજર થનાર માટે
**C** બઢતીથી વર્ગ-૧ માં નિમણૂક થતી હોય તો
**D** સીધી ભરતીની નિમણૂકમાં

**68 ગુજરાત જાહેર સેવા આયોગને લખાતો પત્ર - સંબંધમાં શું સાચું છે ?**

**A** આયોગને ઉદેશીને, સચિવાલયના નાયબ સચિવે લખવો જોઇએ
**B** આયોગના સચિવને ઉદેશીને, સચિવાલયના સચિવે જ લખવો જોઇએ
**C** આયોગના સેક્શન અધિકારીને ઉદેશીને, સચિવાલયના સેકશન અધિકારી લખી શકે
**D** આયોગના સચિવને ઉદેશીને, સચિવાલયના વર્ગ - ૧ના કોઇ પણ અધિકારી લખી શકે

**69 વિભાગમાં શાખા કક્ષા ઉપસચિવ, નાયબ સચિવ કક્ષાએ ફાળવેલ વિષયો રજુ કરવાનો રાહ, કોણ નક્કી કરશે ?**

**A** મુખ્ય સચિવ

**B** ઇન્ચાર્જ મંત્રી

**C** વિભાગના સચિવ

**D** મુખ્ય મંત્રી

**70 કર્મચારીની સેવાપોથી અને રજાનો હિસાબ રાખવાની જવાબદારી કોની છે?**

**A** મહેકમના ઉપસચિવની

**B** રોકડના ઉપસચિવની

**C** સેવાપોથી કામગીરીનો હવાલો ધરાવતા ઉપસચિવની

**D** ખાનગી શાખાનો હવાલો ધરાવતા ઉપસચિવની

**71 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ સંવિધાનની કઇ કલમ અનુસાર ભરવામાં આવતી સેવા જગ્યાઓને લાગુ પડે છે?**

**A** 309

**B** 310

**C** 311

**D** 312

**72 સંસદસભ્યશ્રીને પ્રત્યુત્તર પાઠવવાનો હોય તો એમને ટપાલ કયા સરનામે મોકલવી જોઈએ?**

**A** નવી દિલ્હીના સરનામે

**B** નવી દિલ્હી તેમજ વતનના ઘરના સરનામે

**C** વતનના સરનામે

**D** ફોનથી પૂછીને, તેઓશ્રી કહે તે સરનામે

**73 શાખાન નિરીક્ષણના હેતુ શું છે ?**

**A** કર્મચારીઓની ખામીઓ શોધવી

**B** બીજી શાખાઓ ઉપર દાખલો બેસે

**C** શાખાની કાર્યક્ષમતા ઉંચી વધે

**D** વિભાગને ઠપકો ન મળે

**74 રાજ્ય સરકારે, માહિતી મેળવવા માટે અરજીનો નમૂનો નક્કી કરેલ છે. કોઇપણ અરજદાર**

**A** નિયત નમૂનામાં માહિતી માંગે તો જ માહિતી આપવાની રહે છે.

**B** સાદી અરજીથી પણ અરજદાર માહિતી માંગી શકે છે

**C** છપાવેલા નમૂનામા અરજી કરે તો જ અરજી માન્ય ગણાશે.

**D** ગ્રીન પેપર્સ ઉપર અરજી કરે તો જ માહિતી મળી શકે.

**75 જાહેર રજાના દિવસે કોઈ ટપાલ સ્વીકારવાનો પ્રસંગ ઉભો થાય તો એ માટે....**

**A** વિભાગ, કોઈ એક ઉપસચિવને નિયુક્ત કરે છે

**B** વિભાગના સચિવને ત્યાં ટપાલ પહોંચાડવી

**C** સચિવાલયના રેસીડેન્ટ નાયબ સચિવે સ્વીકારવી

**D** રજાના દિવસે ટપાલ સ્વીકારવાની હોય જ નહી

**76 વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે એક ધારાસભ્યશ્રીને પત્ર લખવાનો થાય છે. નીચેનામાંથી કયા સરનામે પત્ર  મોકલવો જોઈએ?**

**A** તેમના ગાંધીનગર ખાતેના

**B** તેમના વતન ખાતેના

**C** તેમના મતવિસ્તારના અને ગાંધીનગર ખાતેના એ બંન્ને સરનામે

**D** વિધાનસભામાં સચિવાલયને

**77 જિલ્લાની કચેરીઓનું નિરીક્ષણ સચિવાલયના વહીવટી વિભાગ દ્વારા કરવા નિર્ણય લેવાય છે. આ નિર્ણય.........**

**A** યોગ્ય છે

**B** યોગ્ય નથી

**C** જિલ્લા કચેરીનું નિરીક્ષણ સચિવાલય કક્ષાએથી કરવાનું હોતું નથી

**D** સચિવાલયએ માત્ર ખાતાના વડાની કચેરીનું નિરીક્ષણ જ કરવાનું હોય છે.

**78 તિબેટના નિર્વાસિત ભારતમાં કઇ તારીખ અગાઉ કાયમી વસવાટ કરવાના ઇરાદાથી આવેલ હોય તો રાજ્યમાં નિમણૂકને પાત્ર છે?**

**A** ૦૧-૦૫-૧૯૬૦ પહેલાં

**B** ૦૧-૦૧-૧૯૬૨ પહેલાં

**C** ૦૧-૦૪-૧૯૭૮ પહેલાં

**D** આવી કોઇ લિમિટ નથી.

**79 નાણાં વિભાગની પૂર્વ મંજૂરી નીચેનામાંથી કયા કેસોમાં જરૂરી ગણાય છે ?**

**A** મહેસૂલી સોંપણી કરવાનો હુકમ

**B** ગ્રાન્ટ, આપવાની થતી હોય તે હુકમ

**C** જમીનની ગ્રાન્ટ કરવામાં આવતી હોય તે હુકમ

**D** ઉપરોકત તમામ

**80 કોમ્પ્યુટર જ્ઞાનની લાયકી પરીક્ષા બાદ કરવામાંથી મુક્તિ કેટલા વર્ષે મળવાપાત્ર છે?**

**A** ૫૦ વર્ષે

**B** ૫૫ વર્ષે

**C** ૫૩ વર્ષે

**D** ૫૬ વર્ષે

**81 કેબિનેટ બેઠક કયાં મળવી જોઇએ ?**

**A** માત્ર સચિવાલયમાં

**B** મુખ્ય મંત્રીના કમિટીરૂમમાં

**C** મુખ્ય મંત્રી નિર્દેષ કરે, તે સ્થળે

**D** મુખ્ય સચિવ જણાવે ત્યાં

**82 ઓડિટમાં જેનો અમલ થવાનો હોય તેવી મંજૂરી આપતી વહીવટી વિભાગના દરેક હુકમમાં...................**

**A** નાણાંમંત્રીની મંજૂરીનો ઉલ્લેખ કરવો જોઇએ

**B** મુખ્ય મંત્રીની મંજૂરીનો ઉલ્લેખ કરવો જોઇએ

**C** મુખ્ય સચિવની મંજૂરીનો ઉલ્લેખ કરવો જોઇએ

**D** નાણાં વિભાગની મંજૂરીનો ઉલ્લેખ કરવો જોઇએ

**83 રાજ્ય માહિતી કમિશ્નર, રાજીનામું આપવા માંગતા હોય તો કોને રાજીનામું રજૂ કરવાનું હોય?**

A રાજ્યપાલશ્રીને
B મુખ્યમંત્રીશ્રીને
C મુખ્ય સચિવશ્રીને
D સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને

**84 જાહેર માહિતી અધિકારી એ માહિતી આપેલ નથી અને અરજદાર પ્રથમ અપીલ કરે છે. આ પ્રથમ અપીલના નિકાલની સમયમર્યાદા કેટલી છે?**

A ૪૫ દિવસ
B ૬૦ દિવસ
C ૯૦ દિવસ
D ૧૨૦ દિવસ

**85 સ્ટાફ મિટીંગમાં સચિવાલય સ્ટાર્ટ એસોસીયેશ નવા પ્રતિનિધિ.........**

A હાજર રહી શકે
B હાજર ન રહી શકે
C એમને બોલાવવાના જ ન હોય
D સચિવ - ઇચ્છે તો જ બોલાવવાના હોય

**86 નાયબ સચિવશ્રી / સંયુકત સચિવશ્રી કયા પ્રકારના કેસો, મંત્રીશ્રીને સીધા રજૂ કરી શકે ?**

A નીતિ વિષયક બાબતો
B માત્ર હકીકતો કે માહિતી રજૂ કરવાની હોય
C ધારાસભ્ય સંદર્ભો
D સંસદ સભ્ય સંદર્ભ

**87 રાજ્ય માહિતી પંચ નીચેનામાંથી શું કરી શકે?**

A માહિતી આપવામાં વિલંબ બદલ સંબંધિતને દંડ
B માહિતી આપવામાં વિલંબ કરનાર સાથે શિસ્ત વિષયક પગલાં લેવાની ભલામણ
C દોષિત અધિકારીને ૧ દિવસની સજા
D ઉપરોક્ત (અ) અને (બ)

**88 રવાનગી માટેના મુસદ્દો, અક્ષરશ: બરોબર છે સુધારા વધારા આવરી લેવાયેલ છે તે જોવાની જવાબદારી.........**

A સેકશન અધિકારીની છે
B ઓફિસ આસીસ્ટન્ટની છે
C નાયબ સેક્શન અધિકારીની છે
D રવાનગી કલાર્કની છે

**89 વર્ગ-૪ ના કર્મચારીઓ માટે સચિવાલયમાં કચેરીનો સમય કયો છે?**

A સવારે ૯:00 થી સાંજના ૭:00
B સવારે ૯:30 થી સાંજના ૭:30
C સવારે ૧૦:00 થી સાંજના ૭:૧૦
D સવારે ૧૦:00 થી સાંજના ૭:30

**90 માહિતી માંગનાર માહિતી ક્યા કારણોસર માંગેલ છે તે દર્શાવવું....**

A ફરજિયાત છે.
B ફરજિયાત નથી.
C જાહેરા માહિતી અધિકાર પછીથી કારણ માંગી શકે.
D કારણ આપેલ હોય તો જ માહિતી આપવાની રહે.

**91 સારા ચારિત્ર્યના પુરાવાની જરૂર નીચેનામાંથી કયા પ્રકારની નિમણૂકમાં જરૂરી છે?**

A બદલીથી થતી નિમણૂકોમાં
B બઢતીથી થતી નિમણૂકોમાં
C એડ હોક નિમણૂકોમાં
D સીધી ભરતીથી થતી નિમણૂકોમાં

**92 સરકારી હુકમોનું પ્રમાણ કોની સહીથી થાય તો અધિકૃત ગણાશે?**

A અધિકસચિવ
B સેક્શન અધિકારી
C સચિવ
D ઉપરોક્ત તમામ

**93 અખિલ ભારતીય સેવાના અધિકારીની બદલી, વર્તણુંક અંગેની બાબતે નાણાં વિભાગમાં પ્રશ્ન ઉભો થયો છે. નાણાં વિભાગ કોને આ વિશે લખી મોકલશે ?**

A મુખ્ય સચિવને
B સામાન્ય વહીવટ વિભાગને
C મુખ્ય મંત્રીને
D નાણાં મંત્રીને

**94 "ઘણા જરૂરી કેસની" નાયબ સેક્શન અધિકારી માટે નિકાલની સમયમર્યાદા**

A ૩ દિવસ
B ૭ દિવસ
C ૨ દિવસ
D ૨૪ કલાક

**95 સંસદસભ્યશ્રીની નીચેનામાંથી કયા પ્રકારની રજુઆતનો જવાબ આપવાનો હોતો નથી?**

A સરકારી કર્મચારીની બદલી અંગેની રજુઆત
B એક ગામમાં તળાવ ઉંડું કરવાની રજુઆત
C તેમના તાલુકામાં કોવિડ-૧૯ની રસી મુકાવાની વ્યવસ્થાઓ ક્યાં કરાઈ છે તે રજુઆત
D એક જિલ્લામાં કેટલા વ્યક્તિઓને નિરાધાર વૃધ્ધ સહાય અપાઈ તે રજુઆત

**96 માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવતા દંડની રકમ રોજના રૂ.૨૫૦/- મુજબ કેટલી હોઇ શકે ?**

A મહતમ રૂ.૧,૦૦૦/-
B મહત્તમ રૂ.૫૦,૦૦૦/-
C મહત્તમ રૂ.૨૫,૦૦૦/-
D મહત્તમ રૂ.૧૦,૦૦૦/-

**97 માહિતી અધિકાર અધિનિયમ અમલમાં આવવાથી કયો અધિનિયમ રદ થયેલ છે?**

A માહિતી સ્વાતંત્રય અધિનિયમ, ૨૦૦૨
B સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩
C આસામ રાઇફલ્સ એક્ટ
D સી.આર.પી.એફ એક્ટ

**98 કર્મચારી વર્ગની બેઠક, કેટલા સમયે બોલાવવી જોઈએ?**

A દર ૩ મહિને
B દર ૬ મહિને
C દર ૧૨ મહિને
D દરેક મહિને

**99 અરજદાર સરકારને નીચેની કઈ રીતેથી અરજી કરી શકે?**

**A** વ્યક્તિગત રીતે

**B** અધિકૃત એજન્ટ મારફતે

**C** એટર્ની વકીલ મારફતે

**D** ઉપરોક્ત તમામ રીતે

**100 ખાતાના વડાની જવાબદારી શું છે?**

**A** સચિવાલયને કાર્યોમાં સલાહ આપવાની

**B** સરકારે ઠરાવેલી નીતિનો અમલ કરવાની

**C** હાલની નીતિઓમાં સુધારા કરવાની

**D** સરકારના અગત્યના ઠરાવો, પરિપત્રોનું મુસદ્દાલેખન કરી આપવાની

**-------------------------------------**